**<u>ફોપ.અ. નં. 1051/2024</u>**

**<u>અરજદારની ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૪૫૧ અને ૪૫૭ મુજબની અરજી લગત હુકમ</u>**

હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિધ્વાન એ.પી.પી. શ્રીને સાંભળ્યા, રજૂ દસ્તાવેજો ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજૂ દસ્તાવેજો ધ્યાને લીધા.

હાલના અરજદારે તેઓની અરજીમાં રજૂઆત કરેલ છે કે તેઓ અરજીમાં જણાવ્યા મુજબના ભોગ બનનાર સોલા વિસ્તારમાં રહે છે તથા તેઓની સાથે સાયબર ક્રાઈમનો બનાવ બનેલ. જેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | અરજદારનુ નામ મોબાઈલ નંબર | ફરીયાદ તારીખ | એન્કલોઝમેન્ટ નંબર | ફ્રીઝ થયેલ રકમ |
|---|---|---|---|---|
| **1** | **DESAI PARTH A MO.9725529613** | **23/12/2021** | **CCIRU231221-500691** | **4999/-** |

બનાવમાં તેઓના ખાતામાંથી ઉપરોકત રૂપિયા ઉપડી ગયેલ હતા. જે બાબતે તેઓએ આશ્વસ્ત પ્રોજેકટમાં ૧૦૦ નંબર ઉપર કોલ કરીને ઉપરોકત તારીએ ઉપરોકત એન્કલોઝમેન્ટ નંબરથી ફરિયાદ નોંધાવેલ હતી. જે સબબ સાયબર ક્રાઈમ પોલીસ ધ્વારા સામાવાળાના ખાતામાં તેઓના ગયેલ નાણાં ઉપરોકત રૂપિયા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૦૨ મુજબ ફ્રીઝ કરાવેલ હતા, જે હાલ સુધી સદર બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને તેઓને પરત મળેલ નથી. સદર બનાવ બાબતે અરજદારે કોઈ પોલીસ સ્ટેશનમાં આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. સદર નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૧ અને ૪૫૭ મુજબ યોગ્ય તે હુકમ થવા અરજ કરેલ છે.

સદર કામે અરજી સાથે રજૂ કરવામાં આવેલ બેંક પેપર્સની નકલ ધ્યાને લેતાં તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા રજૂ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતાં તે હકીકત સ્પષ્ટ થાય છે કે હાલના ભોગ બનનારના બેંકના ખાતા નંબર માંથી રૂપિયા ઉપડી ગયેલ તેમજ સદર નાણાં ઉપરોકત અરજીમાં જણાવેલ શંકાસ્પદ બેંક માં ગયેલ હોય ભોગ બનનાર ધ્વારા આશ્વસ્ત પ્રોજેકટમાં ૧૦૦ નંબર ઉપર કોલ કરીને ફરિયાદ નોંધાવેલ હતી, જે ફરિયાદ ટિકિટ નંબરથી નોંધાયેલ હતી. આમ, સદર હકીકત ધ્યાને લેતાં અરજદારના ઉપર જણાવ્યા મુજબના ખાતામાંથી નાણાં ઉપડી ગયેલ હોવાનું તથા શંકાસ્પદ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયાનું હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદઉપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં હાલના કામે આજદિન સુધી કોઈ એફઆઈઆર થયેલ હોય કે હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી તેમજ બનાવ બન્યે આટલો લાં બો સમય પસાર થયેલ હોવા છતાં આજદિન સુધી ભોગ બનનાર સિવાય અન્ય કોઈએ સદર નાણાંની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઈ અરજી કરેલ નથી. તદઉપરાંત તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને લેતાં તેઓ સમક્ષ પણ કોઈએ આ નાણાંની માં ગણી કરેલ હોય તેમ જણાતું નથી તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર બેંક ખાતા બનાવટી હોવાનું જણાવેલું છે તથા સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિતએ ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી. જેથી તપાસ કરનાર અમલદાર ધ્વારા સદર નાણાં ભોગ બનનારને પાછા આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે, જેથી અત્રેની અદાલતના માનવા મુજબ હાલના ભોગ બનનાર સદર નાણાંનો કબજો મેળવવા હકકદાર હોવાનું જણાય છે.

આ તબકકે સદર નાણાં પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા હકુમત જોતાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૭ માં જોગવાઈ ધ્યાને લીધી.

આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકત, સંજોગો તથા રજૂ દસ્તાવેજો ધ્યાને લેતાં સદરહુ નાણાં બેંકમાં જમા હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ

ભવિષ્યે પણ મુદ્દામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજ્ય, ૨૦૦૩ (૧) જી.એલ.એચ. પાના નંબર ૩૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં પણ ઉપરોકત જણાવેલ કારણોસર હાલની અરજી મંજૂર કરવાપાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારની અરજી આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૫૭ હેઠળ આથી મંજૂર કરવામાં આવે છે.

હાલના કામે ભોગ બનનારના સીઝ કરવામાં આવેલ રોકડ રકમ ભોગ બનનાર આપની સમક્ષ હાજર થયેથી દોઢી રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં હુકમ કરવામાં આવે છે કે, ભોગ બનનાર ધ્વારા હુકમ મુજબના જાત જામીન(બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેથી તથા તેઓની જરૂરી સંપુર્ણ માહીતી રજુ કરેથી પોલીસ અધિકારી ધ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેંકને કરવી તેમજ બેંકને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી ધ્વારા ભોગ બનનારે હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન–૧૦ માં તેમની બેંકમાંના એકાઉન્ટ નંબર માં અરજદારનાં જે રૂપીયા  જમા છે તે રકમ જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા લગત પોલીસ સ્ટેશનને કરવી.

<u>શરતો–</u>

(૧) અત્રેથી અદાલત જયારે ફરમાવે ત્યારે ભોગ બનનારે આ નાણાં અદાલત સમક્ષ રજૂ કરવાના રહેશે.

(૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણાં પર કલેઈમ કરે અને પોતાનો હકક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં ભોગ બનનારે સદર રકમ પરત કરવાની રહેશે.

(૩) આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી સદર મુદ્દામાલ રોકડ નાણાં અન્ય કોઇને ગીરો, બક્ષિસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવા કરાવવા નહિં.

(૪) સદર મુદ્દામાલ રકમનો કોઈ ગુનાહિત કામે ઉપયોગ કરવો/ કરાવવો નહિં.

(૫) કોઈપણ શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાનેપાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ પણ વસુલ કરવાનેપાત્ર રહેશે.

હુકમ આજરોજ તા.૦૯મી માહે માર્ચ, ૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. 09/03/2024
અમદાવાદ

**(ડો. પરેશ અંબાલાલ પરમાર)**
UIC CODE NO. GJ00752
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા